જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૫/૦૧/૨૦૨૦  રવિવાર**

## <u>અમદાવાદ શહેર પોલીસ સમાચાર</u>

**<u>અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-</u>**  **<u>સમાચાર યાદી નં.૩૧/૨૦૨૦</u>**

## <u>ગુના નિવારણ શાખા</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયાનાઓએ <u>તા.૪.૧.૨૦૨૦</u> નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં શરીર-સબંધી/ પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ  છે.

- અમદાવાદ શહેરના કારંજ તથા સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોને પોતાની ઓટોરિક્ષામા પેસેન્જર તરીકે બેસાડી પોતાના સાગરિતો સાથે મળી મો.ફોન ખેચી લઈ લુટ કરનાર તેમજ લોકોની સાથે બોલાચાલી ઝઘડો કરી ડાબા હાથે છરી વડે ઈજા કરનાર ઝનુની અને ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ સાદીકઅહેમદ ઉર્ફે માનીયા શકુરઅહેમદ શેખ રહેવાસી- મ.ન.૫ કરવા પાર્ક, ટી.પી.ની સામે ફતેવાડી, વેજલપુર અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સાદીકઅહેમદ ઉર્ફે માનીયા શકુરઅહેમદ શેખ રહેવાસી- મ.ન.૫ કરવા પાર્ક, ટી.પી.ની સામે ફતેવાડી, વેજલપુર અમદાવાદ |

- વાડજ પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોની સાથે બોલાચાલી ઝઘડો કરી બિભત્સગાળો બોલી ગડદાપાટુનો માર મારી છરી વડે કાનના ભાગે તથા ડાબા પડખાના પેટના ભાગે ઈજા કરનાર હરેશ ઉર્ફે દદુ બસરમલ લાલવાણી રહેવાસી- મ.ન.૪૭/એ ઉધ્ધવનગર શિવજી મંદિરની સામે સોરાબજી કંપાઉન્ડ જુના વાડજ અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | હરેશ ઉર્ફે દદુ બસરમલ લાલવાણી રહેવાસી- મ.ન.૪૭/એ ઉધ્ધવનગર શિવજી મંદિરની સામે સોરાબજી કંપાઉન્ડ જુના વાડજ અમદાવાદ |

➢ અમદાવાદ શહેરના સાબરમતી વાડજ પોલીસ સ્ટેશન વિસ્તારમા જનતાના સ્વાસ્થયને હાનિકારક હોવા છતા પોતાના સાગરિતો પાસેથી ગેરકાયદેસરનો વગર પાસ પરમિટનો ભારતીય બનાવટનો વિદેશી દારુ તથા દેશી દારુનો જથ્થો મંગાવી પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા વેચાણ કરનાર ચરણજીતસિંગ ઉર્ફે સોનુ ઉર્ફે પ્રીત હરબંસસિંગ સાસન(સરદાર) રહેવાસી- ભીલવાસ, આંબાવાડી,સરદારનગર, અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | ચરણજીતસિંગ ઉર્ફે સોનુ ઉર્ફે પ્રીત હરબંસસિંગ સાસન(સરદાર) રહેવાસી- ભીલવાસ, આંબાવાડી,સરદારનગર, અમદાવાદ શહેર |

➢ આ ઉપરાંત પ્રોહીબીશનની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૩ ઇસમો મળી કુલ્લે ૬ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી તેઓને વડોદરા, સુરત ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

## "વિદેશી દારુના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડતી પી.સી.બી."

મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયા નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે અનુસંધાને તા.૪.૧.૨૦૨૦ ના રોજ રાત્રે પીસીબીના સ્ટાફના માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન સ્ટાફને ચોક્ક્સ બાતમી હકીકત મળેલ કે 'ધર્મેદ્રસિંહ ઉર્ફે પપ્પુ પઢીયાર તથા પવન સોલંકી બન્ને રહેવાસી- એ/૧૦ શુભલક્ષ્મી સોસાયટી પ્રહલાદનગર પાર્ક વિભાગ-૧ ઉમા ભવાની મંદિર પાછળ ચાંદખેડા, અમદાવાદ નાઓ એકબીજાના મેળાપીપણાથી પોતાના આર્થિક ફાયદા સારુ બહારથી કેટલોક ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશી દારુનો જથ્થો મંગાવી પોતાના કબ્જાની હુંડાઈ વર્ના કાર ન. GJ-01-HP-0583 ની ડેકીમા ભરી રાખી ગાડી પોતાના ઘર આગળ સોસાયટીના કોમન પ્લોટમા મુકી રાખેલ છે" જે બાતમી હકીકત આધારે ઉપરોકત જણાવેલ જગ્યાએ પંચો સાથે રેઇડ કરતા નીચે જણાવેલ આરોપીને નીચે મુજબના ભારતીય બનાવટના વિદેશી દારુનો જથ્થા સાથે પકડી પાડી તેની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી ચાંદખેડા પોસ્ટે ખાતે ગુનો રજીસ્ટર કરાવવામા આવેલ છે.

**પકડાયેલ આરોપી :**

(૧) પવન રાજુભાઈ સોલંકી રહેવાસી- એ/૧૦ શુભલક્ષ્મી સોસાયટી પ્રહલાદનગર પાર્ક વિભાગ-૧ ઉમા ભવાની મંદિર પાછળ ચાંદખેડા, અમદાવાદ

**વોન્ટેડ આરોપી:**

(૧) ધર્મેન્દ્રસિંહ ઉર્ફે પપ્પુ મુલચંદજી પઢીયાર રહેવાસી- એ/૧૦ શુભલક્ષ્મી સોસાયટી પ્રહલાદનગર પાર્ક વિભાગ-૧ ઉમા ભવાની મંદિર પાછળ ચાંદખેડા, અમદાવાદ

**ગુનાની જગ્યા** : ચાંદખેડા શુભલક્ષ્મી સોસાયટી પ્રહલાદનગર પાર્ક વિભાગ-૧ ના કોમન પ્લોટમાં

**પકડાયેલ મુદામાલ** :

(૧) ભારતીય બનાવટનો વિદેશી દારુની બોટલ નંગ ૧૦૬ કિ.રુ.૫૬,૪૦૦/-

(૨) મોબાઇલ ફોન નંગ ૫ કિ.૧૦,૦૦૦/-

(૩) હુંડાઈ વર્ના કાર ન. GJ-01-HP-0583 કિ.૨,૦૦,૦૦૦/-

(૪) રોકડ નાણાં રૂ.૧૦૦/-

**કુલ્લે રુપિયા ૨,૬૬,૫૦૦/- નો મુદામાલ**





## નારોલ પોલીસ સ્ટેશન

## યુક્તિ-પ્રયુક્તિ થી વિશ્વાસમાં લઇ ATM કાર્ડ બદલાવી લઇ લોકોને ઠગતા બે ગઠિયાઓને ૫૬ ATM તથા ૧ મોબાઇલ તથા ૩ પર્સ સાથે ધરપકડ કરતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ ઇ.મદદનીશ પોલીસ કમિશ્નશ્રી "કે" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર વિસ્તારમાં મિલકતા સબંધિત ગુન્હાઓ શોધી કાઢવા સુચના આપેલી હોય જેમાં નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ-A ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૦૦૦૪/૨૦૨૦ ના કામે ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે (૧) નસરૂદ્દીન બશરૂદ્દીન અંસારી ઉ.વ.૩૬ રહે, મ.નં. ૧૧૬ ગ્રે માર્કેટ ગાજીયાબાદ તા-બોની જી-ગાજીયાબાદ ઉત્તરપ્રદેશ તથા (૨) સલમાન રહેમ ઇલાહી અંસારી રહે, લોની ગાજીયાબાદ તોહલી મહોલ્લા ઉત્તરપ્રદેશ નામના વ્યક્તિઓ ATM ની અંદર જઇ લોકોને યુક્તિ-પ્રયુક્તિથી બેન્કના ડેબિટ/ATM કાર્ડ બદલાવી ચોરી છુપી રીતે તેમના પાસવર્ડ જાણી તેમના એકાઉન્ટ માંથી રૂપિયા ઉપાડી લેતા જેઓને બાતમી આધારે તા.૦૪/૦૧/૨૦૨૦ ના કલાક- ૨૦/૧૫ વાગ્યે ઘોરણસર અટક કરી કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**મોડસ ઓપરેન્ડી** :આ બન્ને ગઠિયાઓ સારા કપડા પહેરી સારી અને વિનમ્ર ભાષામાં ATM માંથી રૂપિયા ઉપાડવા આવતા લોકો સાથે વાતચીત કરી, વિશ્વાસમા લઇ, ટ્રાંઝેકશન માં કંઇક એરર છે અથવા ટ્રાન્ઝેકેશન કેન્સલ નથી થયુ વિગેરે જેવી ખોટી માહિતી આપી, યુક્તિ-પ્રયુક્તિથી લોકોના ATM/ડેબિટ કાર્ડ ચાલાકીથી બદલીને તેની જગ્યાએ તેવા જ વર્ણનનું બીજુ કાર્ડ આપી, ચોરી છુપીથી તેમનો પાસવર્ડ જોઇ ને લોકોના એકાઉન્ટમાંથી રૂપિયા ઉપાડી ઠગાઇ કરે છે.

આમ, ઉપરોક્ત એમો થી ઠગાઇ કરતા બે ઇસમોને ૫૬ ડેબિટ/ATM કાર્ડ તથા ૧ મોબાઇલ તથા ૩ પર્સ સાથે બે ઇસમોને પકડી નારોલ પોલીસ દ્વારા સારી અને પ્રશંસનીય કામગીરી કરેલ છે.

## વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન

## <u>ચોરીના આરોપીને પકડી પાડતી વસ્ત્રાપુર પોલીસ</u>

શ્રી આશિષ ભાટીયા સાહેબ પોલીસ કમિશનર અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ સંયુક્ત પો.કમિ.શ્રી, સેકટર-૧ તથા શ્રી પી.એલ. માલ સાહેબ ના.પો.કમિ.શ્રી, ઝોન-૧ તથા એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પો.કમિ.શ્રી, “એ” ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તાર મિલકત સંબધી ગુનાઓ બનેલા હોય અને જે ચોરીના બનાવો શોધી કાઢવા કરેલ સુચના વસ્ત્રાપુર સર્વેલસ સ્કોડ ના પો.સ.ઇ. એમ.બી. જાડેજા સાહેબ અને સર્વેલંસ સ્કોડના માણસો તથા હોક બાઈકના માણસોની અલગ અલગ ટીમો બનાવી પેટ્રોલીંગ રાખી પોલીસ સ્ટેશન વિસ્તાર માં પેંટ્રોલીગ માં હતા દરમ્યાન હોક બાઇકના પો.કો મહેશભાઇ બાબુભાઇ બં.ન-૩૬૪૩ તથા પો.કો મહેશભાઇ વેલશીભાઇ બં.ન-૩૩૪૫ તથા પો.કો. પ્રહલાદભાઇ લાલજીભાઇ બં.ન.-૭૩૬૮ નાઓની સયુક્ત ખાનગી બાતમી આધારે રામદેવ મંદીર બોડકદેવ ખાતે આરોપી *અમીત મગતુકુમાર બજાજ* ઉ.વ. ૪૩ ધંધો- ઇંડાની લારી રહે રણુજાનગર વિભાગ-૨ નરેશભાઇ રબારીના મકાનમા માનસી સર્કલ અમદાવાદ મુળ વતન ગામ કદમકુવા પટના બિહાર નાઓને પકડી અટક કરી સદરી આરોપીની સઘન પુછપરછ કરી ચોરીએ ગયેલ મુદ્દામાલ રીકવર કરી વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ ૨ નં ૪૦૨/૧૯ ઇપીકો કલમ ૩૭૯ ૪૬૧ મુજબનો ગુનો તાત્કાલીક શોધી કાઢી સારી કામગીરી કરવામાં આવેલ છે.

⚡ *આરોપીની એમ.ઓ*

આરોપી રહીશોના અન્ય ઘરમા સામાન ફેર બદલ કરતી વખતે પેટીઓના લોક તોડી અંદરથી સોનાચાંદીના દાગીનાની ચોરી કરી ગુનો કરેલ છે.

આ કામગીરીમાં પ.સ.ઇ. એમ.બી. જાડેજા તથા HC. બાબુભાઇ હે.કો ઘનશ્યામ સિંહ PC. જાહીદખાન, PC ગોવિંદભાઇ, PC સંજયભાઇ P.C જીતેન્દ્રકુમાર ,PC સરદારસિંહ લો.ર વિશ્વરાજસિંહ .લો.ર અમીતસિહ લો.ર લાલજીભાઇ .લો.ર જયપાલસિંહ પો.કો. મહેશભાઇ બાબુભાઇ બં.ન-૩૬૪૩ તથા મહેશભાઇ વેલશીભાઇ બં.ન.-૩૩૪૫ તથા પો.કો. પ્રહલાદભાઇ લાલજીભાઇ બં.ન-૭૩૬૮ વગેરે નાઓ આ કમગીરીમાં ટીમો બનાવી સારી કામગીરી કરેલ છે